Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# શ્રીમદ ભગવદ્દગીતામાં યજ્ઞ, દાન, ને તપની વિભાવન

અલ્પેશ ઉપાધ્યાય*

શ્રીમદ ભગવદ્દગીતામાં અઢારમાં અધ્યાયમાં મોક્ષ સન્યાસ યોગની ચર્ચા કરતાં ગીતાકારે બે મત નોંધ્યા છે. એક મત પ્રમાણે ત્યાગ કરવો જોઈએ.બીજા મતે યજ્ઞ, દાન અને તપનો ત્યાગ ન કરવા કહ્યું છે.[૧]

પૃથ્વીને કર્મા ભૂમિ છે સ્વર્ગ –નરક ભોગ ભૂમિ છે સારાં કર્મો કે પુણ્યના પરિણામે સ્વર્ગ અને દુષ્કર્મો ક પાપના પરિણામે સ્વર્ગમાં સુખ અને નરકમાં દુઃખ ભોગવવાના થાય છે સનાતન કે હિન્દુ ધર્મના મહત્વના વિદ્વાનો કર્મ અને પુનર્જન્મ સિદ્ધાંત આના ઉપર આધારિત છે શ્રી શંકરાચાર્ય ચર્પટ પંજરિકા સ્ત્રોતમાં કહે છે કે **पुनरपि जननं पूनरपि मरण पूनरपि जननीजठरे शयनम् ॥** જ્યાં સુધી કર્મો છે ત્યાં સુધી આ ઘટમાળ ચાલ્યા કરવાની કર્મોના બંધન ત્રિવિધ કર્મોથી થાય છે. વર્તમાન કાળે થતાં કર્મો ક્રિયમાણ કર્મો છે. આ જન્મ અને જન્મજન્માંતરે એકઠાં થતાં કર્મો સંચિત કર્મો છે અને પાકમાં નાંખેલી કેરીની માફક પાકાભિમુખ કર્મો પ્રારબ્ધને ઘડે છે. આ પ્રારબ્ધ કર્મ છે. જન્મ, આયુષ્ય અને સુખાડી ભોગનું કારણ બને છે[૨] ક્રિયમાણ કર્મો અટકાવી શકાય. સંચિત કર્મો નષ્ટ કરી શકાય પણ પ્રાબ્ન્ધ તો ભોગવવું જ પડે. પાતંજલ યોગસૂત્રના ભાષ્યમાં જૈગીષવ્યનું ઉદાહરણ આપી ફલપાક પ્રારબ્ધને ભોગવ્યાનું જણાવાયું છે

કર્મો કર્યા સિવાય કોઈ પ્રાણી-માનવ રહી શકે નહી. એમ શ્રીમદ્દભગવદ્દગીતામાં न हि तिष्ठति जातु हयकर्मकृत् કહેલૂ છે કર્મો બંધન રૂપ બને છે. તેથી તેનાથી દૂર ભોગવું અર્થ વગરનું છે આઠ જ ઇશોપનિષદના ઋષિ કહે છે કે કર્મો કરતાં કરતાં સો વર્ષ જીવવાની ઇરછા રાખવી[૩]

શ્રીમદ્દભગવદ્દગીતામાં કર્મોના બંધનનું કારણ આસક્તિ ગણાવી[૪] તાગ –દ્રેષ મૂલક કર્મોનાં ફળ અવશ્ય ભોગવવા પડે છે. માનવી માત્ર ત્રણ ગુણનાં પ્રભાવને લીધે સુખ-દુઃખ અને મોહથી અભિભૂત થાય છે. આથી ગીતાકારે માનવીને સ્થિતપજ્ઞ, ત્રિગુણાતીત ભકત આદિ બનવા જણાવી પુરુષોતમ યોગ પ્રબોધ્યો છે, કર્મ, અકર્મ અને વિકર્મનો વિવેક કરવા "गहना कर्मणों गति:' કહ્યું છે.

ગીતાકારે કર્મો બંધન રૂપ ન બને તે માટે અનાસક્તિ, કર્મ બ્રહ્માર્પણ, કર્મફલ ત્યાગ આદિ માર્ગો બતાવ્યા છે, અને કહું છે કે કર્મમાં જ તારો અધિકાર છે. ફળમાં નહીં. કર્મના ફળને હેતુરૂપ બનાવી કર્મ ન કર કે કર્મમાં આસક્તિ ન કર.[૫]

---

*અલ્પેશ ઉપાધ્યાય, એશોસીએટ પ્રોફેસર, સરસપૂર આર્ટ્સ અને કોમર્સ કોલેજ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

કર્મને ધર્મ બનાવવા માટે આ જરૂરી છે. आचार: प्रथमो धर्म: કહી સ્મૃતિકારે આચાર –વર્તન ઉપર ભાર મૂક્યો છે શ્રી વિષ્ણુસહસ્ર નામમાં आचारप्रथमो धर्म: धर्मस्य प्रभुरच्युत કહી આચરણે ધર્મ બનાવવા કહ્યું છે. ધર્મ એટલે ધારણા કરનાર કે ટકાવી રાખવા तत्त्व धारणाद्रममित्याहु धर्मो धारयते प्रजा: ॥ આમ આચાર-કર્મને જ ધર્મ ગણવામાં આવે છે.

ધર્મશાસ્ત્રોમાં માનવ જીવનના ચાર આશ્રમોમાં આશ્રમ ધર્મ, વર્ણાનુસાર વર્ણધર્મ કે વર્ણાશ્રમ ધર્મના નિરૂપણ દ્વારા વર્ણ ધર્મ, આશ્રમ ધર્મ અને વર્ણાશ્રમ ધર્મો દર્શાવી ક્યાં કર્મ કરવાં ક્યાં ન કરવાં એ ગુણકર્મના આધારે સ્વાભાવિક કર્મો બતાવ્યા છે. સામાન્ય ધર્મ તો માનવમાત્રના ધર્મ છે. ગુણધર્મ વિશિષ્ટ ફરજ બાજાવતા લોકોના ધર્મ છે. આપદ્દધર્મ વિશિષ્ટ પરિસ્થિતિમાં આચારવાના ધર્મનિ કેદી છે તે રાજમાર્ગ નથી.

આ કર્મમાર્ગના ધર્મને સનાતન ધર્મ કહ્યો છે. सना-સદાય -, तन-એટલે પ્રસરેલો ધર્મ છે, આથી જ સનાતન ધર્મને વહેતી નદી સાથે સરખાવમાં આવ્યો છે. અનેક ઋષિ-મુનિઓ, આચાર્યો વગેરે એ પોતાના આધ્યાત્મિક, ચિંતન , મનન, નિદિવ્યાસન અને દર્શનથી પ્રાપ્ત થયેલી વિચારધારાનું દ્વારા ધર્મ કર્મની મીમાંસા કરેલી છે. આથી શ્રીમદ્દભગવદ્દગીતાનો કર્મ યોગનો જીવન જીવવાની કલ (Art of Living Life) છે. લોકમાન્ય ટિળક લખે છે કે “આપણા ધર્મગ્રંથોમાં અત્યંત તેજસ્વી અને નિર્મળ રત્ન શ્રીમદ્દભગવદ્દગીતા છે. આત્મવિદ્યાના ગૂઢ અને પવિત્ર તત્ત્વોને સ્પષ્ટ રીતે સંક્ષેપમાં સમજાવનાર અને તેને જ આધારે માનવમાત્રને પુરુષાર્થ દ્વારા આધ્યાત્મિક પૂર્ણતા સમજાવનાર ગીતા જેવો સરળ ગ્રંથ માત્ર સંસ્કૃત સાહિત્યમાં જ નહીં પરંતુ સમસ્ત સંસારના સાહિત્યના મળી શકે તેમ નથી.

શ્રીકૃષ્ણ સર્વતો મુખી વ્યક્તિત્વ ક્રાંતકારી છે સનાતન ધર્મ કાળે ક્રમે પ્રવેશે છે. જડતાને દૂર કરવાનો પ્રયાસ છે તેથી તે જ યોગ,કર્મ, જ્ઞાન , ભક્તિ , આદીની મીમાંસા આગવી રીતે કરી છે. સંન્યાસની વિભાવના બદલી છે. [૭]

યજ્ઞ, સંન્યાસ વગેરેમાંથી ત્યાગના તત્ત્વની વિભાવના લઈને અર્જુનને શ્રીકૃષ્ણે ઉપદેશ આપ્યો છે. અઢારમાં અધ્યાયના આ પાંચમા શ્લોકમાં બે મતો આપીને સદોષ આસક્તિવાળાં કે કર્મફળની ઇરછાવાળા કર્મો ત્યજવાં એક માર્ગ છે. પણ બીજી બાજુ યજ્ઞ, દાન અને તપ જેવાં કર્મોને પાવનકારી ગણી તેમનો ત્યાગ ન કરવાં કહ્યું છે. યજ્ઞ, દાન અને તપ રૂપી કર્મ માણસે ન ત્યજવાં જોઈએ પણ તે કરવાં જોઈએ. કેમકે યજ્ઞ, દાન અને તપનાં કર્મો મનીષી માનવોને પવિત્ર કરનારાં છે.[૮]

કર્મો આસક્તિ અને કર્મફળનો ત્યાગ કરીને કરવાં જોઈએ. ભગવાન કહે છે તેમ આ તેમનો ચોકકસપણે ઉત્તમ મત છે.[૯]

નિયત કર્મોનો ત્યાગ પણ તામસ,રાજસ અને સાત્ત્વિક ત્રણ પ્રકારનો છે. સારાં કે નરસાં બધાં કર્મો અંતે દુઃખ રૂપ છે, એમ શરીરના કલેશના ભયથી જો કર્તવ્યરૂપ કર્મ ત્યેજે તો તે રાજસ ત્યાગ છે.

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

નિયત કર્મો કરવાં જોઈએ. એમ સમજી નિયત કર્મોને આસક્તિ અને ફળની આશા ત્યજીને કરવામાં આવે તે સાત્ત્વિક કર્મો છે. મોહથી નિયત કર્મો તો ત્યાગ કરવો તે તામસ ત્યાગ છે. (ભ. ગી. ૧૮.૭,૮,૯)

માનવીનો જન્મ જ ભોગ માટે થયો હોવાથી તે કર્મોને પૂરેપૂરાં ત્યજી શકતો નથીપણ જે કર્મના ફળને ત્યજે છે તે જ ખરો ત્યાગી છે. [૧૦] કર્મ ફળમાં આસકતિ પરિણામે વ્યક્તિને મૃત્યુપછી ઇષ્ટ, અનિષ્ટ કે મિશ્ર પ્રકારનું ફળ મળે છે પણ કર્મના ફળને ત્યજનારને આવું કોઈ ફળ ભોગવવાનું થતું નથી[૧૧]

યજ્ઞોની પાછળ સકામ અને યજ્ઞના ફળની ઇરછા ગીતકાર નિંદે છે.[૧૨] કારણ કે તેમાં આસક્તિ રહેએલઆઇસી હે. અહીં, યજ્ઞની મૂળ ભાવના ભુલયેલી છેયજ્ઞમાં આહુતિ આપતાં પ્હેલાં અન્વાધાનમાં પોતાની માલિકીના દ્રવ્યને દેવદ્રવ્ય તરીકે અલગ કાઢી જે તે દેવોને આહુતી રૂપે અર્પણ કરી કહી સ્વત્વને ત્યજવામાં આવે છે. યજ્ઞની આ નિઃસ્વાર્થ ત્યાગની ભાવના વણાયેલી છે. ગીતાકાર અર્જુનને કહે છે . આ મૂળ ભાવના ત્યજીને કરતાં કર્મો ન બંધનકારક છે ત્યાં જ અનાસક્તિ ભાવનું મૂળ છે યજ્ઞ માટેનાં કર્મ સિવાયનાં બીજા કર્મની બાબતમાં આ લોકો કર્મના બંધનવાળા થાય છે માટે તું આસક્તિ ત્યજીને કર્મ કર. [૧૩] અહીં શંકરાચાર્યે ભાષ્યને યજ્ઞ શબ્દ ઈશ્વર વાચક માન્યો છે ચારે વર્ણના વ્યાવાહારિક કર્મો ગણે છે. [૧૪] આમ આ શ્લોકમાં પૂર્વાર્ધ મીમાંસા અને ઉતરાર્ધ પોતાના મનને ગીતાકારે આપ્યો છે. આ કેવળ કર્તવ્ય કર્મ કરતાં તે મોક્ષ ભર્યો છે

સ્મૃતિ ગ્રંથોમાં કહેવાયેલાં કર્મો સ્માર્ત કર્મો છેવર્ણ ધર્મો સ્માર્ત કર્મો છે. ગૃહસ્થ ધર્મની ચર્ચામાં પંચમહાયજ્ઞને મનું સ્મૃતિ વગેરે ગ્રંથો મહત્વાં ગણે છે. ગૃહસ્થ દંપતીણે માટે પાંચ પાપ કરવાં અનિવાર્ય છે – ચૂલો ઘંટી, સંજવારી, ખાડવું-છડવું અને પાણિયારું એમાંય ગૃહસ્થ તો હિંસાના સ્થાનો છે. [૧૫]

આ પાંચ મહાપાપના નિવારણ માટે બ્રહ્મ યજ્ઞ, પિતૃયજ્ઞ દેવયજ્ઞ, ભૂતયજ્ઞ અને નૃયજ્ઞ કરવા અનિવાર્ય છે. અધ્યયન- અધ્યાપન એ બ્રહ્મયજ્ઞ છે. તર્પણ –શ્રાદ્ધ આદિ પિતૃયજ્ઞ છે હોમ દેવયજ્ઞ છે. માનવેતર પ્રાણીઓને બલિ આપવો તે ભૂતબલિ છે અને આતિથ્ય એ નૃયજ્ઞ છે
આને અહુત, હુત, પ્રહુત, બ્રાહ્મણી અણે પ્રકાશિત પણ કહેવામાં આવે છે.[૧૬]

યજ્ઞશેષ અમૃત છે ત્યજીને શેષ ભોગવવું તે અમૃત છે. યજ્ઞશેષનો આહાર કરનારાં સતપુરુષો મહાપાપમાંથી મુક્ત થાય છે[૧૭] ઇશોપનિષદ્ આથી જ ઉપર ભાર મૂકે છે

લોકસંગ્રહ એટલે સમાજને ટકાવી રાખવામાં સહાયભૂત થતાં કર્મો આવાં કર્મોમાં સ્વાર્થની ભાવના અપેક્ષિત નથી. (समत्वं योग उच्यते) સ્વથી પર થઈ સમાજ કલ્યાણ માટે કરવામાં આવતાં કર્મોને ગીતાકારે બંધન કારક ગણ્યાં નથી અર્જુને ન લડવાનો નિર્ણય કરતાં ગીતાકારે કહ્યું છે કે લોકસંગ્રહણે ધ્યાનમાં રાખીને સમાજના ઐક્ય રૂપ દરેક કુટુંબની ખાસ કરીને ક્ષત્રિય કુટુંબની તેમાંય ક્ષત્રિય પુરુષ ખાસ ફરજ છે. [૧૮]

Saarth
E-Journal of Research
**ISSN NO: 2395-339X**

ગીતાકારે યજ્ઞની મૂળભૂત ભાવનાને અનુલક્ષીને સ્વથી પર થઈને કરવામાં આવતાં કર્મોને યજ્ઞ નામ આપ્યું છે. તેમાં બુદ્ધિની સમતા અપેક્ષિત છે આ સમત્વ મેળવવા કર્મોમાં અનાસક્તિ અને ફળના ત્યાગની ભાવના કેળવવા કરેલા અભ્યાસના પરિણામે આવાં કર્મો કરવામાં કુશળતા આવી છે. તેને ગીતાકારે યોગ નામ આપ્યું છે. (**योग : कर्मसु कौशलम्**) આના પરિણામે ગીતાકારે દ્રવ્ય, યજ્ઞ, તપોયજ્ઞ, સ્વાધ્યાય યજ્ઞ પ્રકારના યજ્ઞો થાય છે.[૧૯] કોઈપણ યજ્ઞ કર્યા પછી વધેલું અમૃત છે અમૃતનું ભોજન કરનારાં સનાતન બ્રહ્મણે પામે છે.[૨૦]

અહીં યજ્ઞ કરતાં વધેલું અર્થાત્ પરોપકાર માટે સ્વથી પર થઈને વાપરતાં વધે તે જ દિવ્યતા તરફ લઈ જાય છે. તે વ્યક્તિની ધર્મભાવના વ્યાપક બને છે. તેમાં મન, બુદ્ધિઅને હ્રદય વિશાળ બને છે. **वसुधैव कुटुंबकम्** નહીં પણ બ્રહ્માંડ હાર કોઈ સત્ત્વ સાથે તાદાત્મય સાધી વાગાઋણી કે વામદેવ જેવી વ્યક્તિ તે બને છે. આથી જ અહીં **यान्ति ब्रह्म सनातनम्** । આજ વ્યાપક તત્ત્વ વિષ્ણુ છે. **विश्** પ્રવેશવું ઉપરથી બધાં પ્રવેશીને રહેનાર. વાસુદેવ નામ પણ આમ જ સૂચવે છે[૨૧]

પુંડરીકાક્ષનું સ્મરણ અને વિષ્ણુમય થવાનો આ માર્ગ છેઆથી જ ગીતાકાર કહે છે. કે બ્રહ્મના સુખમાં ઘણા યજ્ઞો ફેલાયેલાછે. તે સર્વ કર્મથી ઉત્પન્ન થયાં છે, પણ આ કર્મ સ્વથી પર થવાનો રાહ છે. એ જાણનાર જ મુક્ત થાય છે. આથી શ્રીકૃષ્ણે કહ્યું કે, ' એ જાણીને તું મુક્ત થઈશ'

યજ્ઞમીમાસાં ગીતાકારે ગુણના આધારે યજ્ઞોના સાત્વિક રાજસ અને તામસ ભેદો આપ્યા છે. ફળની ઇરછા વગર યજ્ઞ કરવો જોઈએ એ કર્તવ્ય બુદ્ધિથી મનની એકાગ્રતાપૂર્વક શાસ્ત્રવિધિ અનુસાર થતાં યજ્ઞો સાત્વિક છે. [૨૨] આવા યજ્ઞો સ્વીકારી શકાય. પણ મહાભારતની અન્ય એક ગીતા અનુસાર સાત્વિક, અહંકાર વ્યક્તિનો પીછો છોડતો નથી. હું ભક્ત છું' હું ઈશ્વરની નજીક છું' હું આ મહાત્મા નો અંતેવાસી છે,' એવિ ભાવનાઓ ઉદ્રેક પણ છેવટે પાટણ તરફ દોરી જાય છે. આથી ગીતાકારે ત્રિગુણાતીત થવા ઉપર ભાર મૂક્યો છે

યજ્ઞ ઉપરાંત સાત્વિક વિકાસ માટે સ્વથી પર થવા માટે ગીતાકારે બધામાં ઇશ્વરી અંશ સ્વીકાર્યો છતાં દરેક વર્ગમાં શ્રીમંત અને ઊર્જિત વ્યકતિને ઈશ્વરનું વિભૂતિ કહ્યું છેવિભૂતિને જાણવાનો યોગ વિભૂતિ યોગ વ્યક્તિને શ્રીમદ્ ઉર્જિતની ઉપાસના દ્વારા તેના જ થવા પ્રેરે છે. યજ્ઞોમાં જપ યજ્ઞ છે. એ વિધાન મંત્ર-દેવતા-જપ અને મનની એકાગ્રતાને પ્રાપ્ત થતી તાદાત્મયની સ્થિતિ જપમંત્ર, જાપક અને જેનો જપ થાય તે ત્રણેય વચ્ચે અદ્વૈત સધાતાં જપયજ્ઞ પણ વ્યક્તિને સમષ્ટિ રૂપ બતાવે છે. આમ **यज्ञानां जपयज्ञोऽस्मि** પણ વ્યક્તિમાં યજ્ઞની ઉદાત્ત ભાવના જ વ્યક્તિને કેવી રીતે ઉદાત્ત બનાવે છે. તે બતાવ્યું છે. વિશ્વરૂપ એ એનો આદર્શ છે. વ્યકતિત્વનો વિકાસ વિભૂતિ અને વિશ્વરૂપ પામે ત્યારે સનાતન બ્રહ્મમય વ્યક્તિ બની શકે છે. આમ અહીં વ્યકતિત્વના વિકાસના મૂળમાં યજ્ઞ દાન અને તપનું મહત્વનું સ્થાન આપ્યું છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

1 દાન :

दीयते इति दानम्। डाटा दशसहस्त्रेषु जाते वा न वा। દાતા થવું ઘણું મુશ્કેલ છે પોતાની અલિકીનું, કુટુંબનું ભરણપોષણ થાય તેટલું રાખીને દાન થાય તેટલું રાખીણે દાન થાય માનું, યાજ્ઞવલ્કય કહે છે કે હંમેશા ન મેળવેલું મેળવવું મેળવેલાને જાળવવું અને વધારવું અને વધે તેનું સુપાત્રને દાન કરવું [24]

દાન માનવીને સ્વથી પર તરફ લઈ જવાનું પ્રથમ સોપાન છે. દાન એ જકાત નથી. જકાત ફરજિયાત છે. ખેરાત મરજિયાત છે. ફરજ પાડીને દાન ન કરાય એ દાન નથી. દાનમાં પોતાનું છે તેના ત્યાગની ભાવના યજ્ઞના જેવી જ છે. ગીતાકાર દાનને પવિત્ર કરનાર કહે છે. અહીં પણ યજ્ઞની માફક ગુણમયી વ્યકતીમાં સાત્વિક, રાજસી તે તામસી અહંકાર રહે જ છે . આથી દાન એ કર્તવ્ય છે. એમ સમજીને દાન કરવામાં આવે છે. માટે દેશ, કાળ અને પાત્રનો વિચાર કરીને ઉપકાર ન કર્યો હોય તે સુપાત્રને દાન કરવામાં આવે છે તે સાત્વિક દાન છે. અહીં સાત્વિક અહંકાર ન જાણે એ દાન કર્તાએ ખાસ જોવું અન્યથા એ દાન પણ બંધનકારક થાય છે જે દાન સામી વ્યક્ત ઉપર ઉપકાર કરવાની વૃત્તિથી કે ફળની અપેક્ષાએ ક્ષુબ્ધ મનથી આપવામાં આવે તે દાન રાજસ છે કારણ કે રાગ, દ્ વેષ આદિ ભાવ છે. અયોગ્ય સ્થળે , અયોગ્ય કાળે અને અપાત્રને આદરના ભાવ વગર અપમાનપૂર્વક આપવામાં આવે તેમાં મોહનું પ્રાધાન્ય હોય તે દાન તામસ દાન છે આવાં દાનોમાં સાત્વિક દાન જ પાવનકારી છે.એમાં દાન અવશ્ય કરવાં પણ આવાં દાનમાં સાત્વિક અહંકાર ન જાગે તે જરૂરી છે[25] વિશ્વજિત યજ્ઞ યજ્ઞ અને દાનનો શ્રેષ્ઠ સમન્વય છે.

**તપ :**

તપ એ પાવનકારી છે. પોતાની જરૂરિયાતો ઓછી કરવી અને પોતે વિશિષ્ટ રીતે ત્યાગપૂર્વક જીવન જીવવું એ તપ છે. પણ આવાં તપ હોય અને અહંકારવાળા, ઇરછા અને આસક્તિથી પ્રેરાઈ લોકો અને શાસ્ત્રો સંમત ન હોય તેવું તપ ઘોર છે આમ કરનાર મૂઢ છે શરીરમાં રહેલા પંચભૂતોને અને આત્માને સંતોપે છે. આવાં નિશ્ચયો આસુરી છે ગીતાકાર આવાં તપનું સમર્થન કરતા નથી[૨૬]

દેવ, બ્રાહમણ, ગુરુ અને વિદ્વાન પ્રતિ આદર ભાવ, તેમનું પૂજન, પવિત્રતા, સરળતા બ્રહ્મચર્ય અને અહિંસા શરીરનું જપ છે. ઉદ્વેગ ન કરે તેવું, સત્ય, પ્રિય, હિતકારી વચન અને સ્વાધ્યાયનો અભ્યાસ એ વાડમાય (વાણીનું) તપ છે. મનની પ્રસન્નતા, સોમ્ય, મૌન , આત્મસંયમ અને ભાવની શુદ્ધિ માટેનું તપ માનસિક છે. [૨૭]

ત્રણ ગુનોના આધારે પણ તપના સાત્વિક. રાજસિક અને તામસી ત્રણ ભેદ થાય છે. ફળની ઇરછા વગર, યોગ યુક્ત મનુષ્યો શ્રેષ્ઠ શ્રદ્ધાથી આચારેલું ઉપર્યુક્ત શારીરિક,વાડ્કય અને માનીસ્ક તપ સાત્વિક પ્રકારનાં તપ છે. સત્કાર, માન કે પૂજા માટે દંભ યજ્ઞ થતું તપ ચંચળતા યુક્ત અને નાશવંત હોવાથી રાજસિક છે. જડ આગ્રહથી પોતાની જાતને કષ્ટ આપીને બીજા નાશ માટે થતું જપ તામસ છે

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

(ભ. ગી. ૧૭/૧૭,૧૮,૧૯) અહીં સાત્વિક તપમાં સાત્વિક અહંકાર જન્મે તો તે પતનનું નિમિત્ત બની શકે છે.

યજ્ઞ, દાન અને તપ ૐ તત્ સત્એમ ત્રણ રીતે નિર્દેશ કરવામાં આવે છે. ૐકારના ઉચ્ચારણ પૂર્વક બ્રહ્મવાડિયો યજ્ઞ દાન અને તપની ક્રિયાનો આરંભ થાય છે. તત્ બોલીને ફળની ઇરછા વગર મુમુક્ષાર્થી યજ્ઞદાન અને તપ ક્રિયાઓ કરવામાં આવે છે. (तदित्यनभीसंधाय फललं यज्ञ : ताप : किया: । दानक्रियाश्र विविधा: क्रियान्ते मोक्षकांक्षिभि: ॥ યજ્ઞ, આન અને તપની ક્રિયામાં રહેલું તે સત્ છે અર્થાત્ આ ત્રણે પ્રકારના કર્મ સત્ છે [૨૮]

અશ્રદ્ધાથી કરેલા યજ્ઞ, દાન અને તપ અસત્ છે. તેનું આલોક કે પરલોકમાં કોઈ પ્રયોજન નથી તેવા કર્મ ન કરવાં.

આમ યજ્ઞ દાન બંને તપના કર્મોમાં સત્ત્વગુણપ્રધાન કર્મો ત્રિગુણાતીત થવાના દ્વાર રૂપ હોવાથી ગીતાકાર તેને પાવનકારી કર્મો ગણી અવશ્ય કરવા જણાવે છે. વ્યક્તિને વિકાસ સાધવામાં આ ત્રણેય ઉપકારક સાધવો છે.

પાદટીપ

1. त्याज्यां दोषवदित्येके कर्म प्राहुर्मनिषिण : ।
यज्ञदानतप : कर्म न त्याज्यमिति चापरे ॥ ભ. ગી. 18.3
2. विकारे सती तस्मिन्जा त्यादुर्भोगा : પા. યો . સૂ. 2-13
3. र्कुवेत्रे कर्माणी जिजीविषेच्छत्, समा: । ઇશો. 4-2
4. सड़ात् सज्जायते काप:..... ભ. ગી. 2.62
5. कर्मण्येवाधिकारस्ते माँ फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भुमाँ ते सडोडस्त्वकर्मणि ॥ ભ. ગી 2.47
6. ટિળક ગીતા રહસ્ય, ગુજ. અનુ. ઉ. કે ત્રિવેદી. પૃ. 1
7. काम्यानां कर्मणा न्यासं संन्यासं कवयो विदु :।ભ.ગી. 18.2
8. यज्ञदानताप : कर्म न त्याज्यां कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्र्चे पावनानि मनिषीणाम् ॥ ભ. ગી. 18.6
9. एतान्यपि तू कर्माणि सड्ग त्यकत्वा फ्लानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितमतमूतमम् ॥
10. न हि देहभृता शक्यां त्यकुं कर्माण्यशेषत : ।
11. यसतू कर्मफलत्यागी स त्यागीत्याधियते ॥ ભ. ગી. 18.11
12. अनिष्टमिष्तं मिश्रं चा त्रिविधं कर्मण : फलम्

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

भवत्यत्यागिना प्रेत्य न तु संन्यासिनां कचचित् ॥

13. यज्ञार्थात् कर्माणोडन्यत्र लोकोड़यं कर्मबन्धन : ।

तदर्थ कर्म कौन्तेय मुक्तसंग समाचार : ॥ ભ. ગી. 3.9

14. ગીતા રહસ્ય - અનુ. ઉ. ત્રિવેદી, પૃ. 659-660

15. पग्च सुना गृहस्थस्य चुल्ली पेशण्युपस्कर : ।

कण्डनी छोड़कुंम्भश्च बध्यते यासतूवाहयन् ॥ મનુ. 3.68

16. મનુ. 3.73

आहु तं च हु तं चैव टाटा प्रहु तमेवच।

17. यज्ञशिष्टाशिन : सन्तो मुच्यन्ते सर्वाकिल्वशै : भूज्ज्ते ते त्वधं पापा ये पचनत्याटीएमकारणात् ॥

ભ. ગી.. 3.13

18. लोकसडग्रहमेवापि संपश्यन् कर्तुमर्हसि ॥ ભ. ગી. 3.20

19. द्रव्ययज्ञा - स्तपोपज्ञा योगदज्ञासताथापरे ।

स्वाध्यायज्ञान यज्ञाथश्र्च यतय : संशितवता : । ભ. ગી. 4.28

20. यज्ञशिष्टामरुतभुजो यान्ति ब्रह्म सनातनम् । ભ. ગી. 4.31

21. वासनादवासुदेवस्य वासितं भूवनत्रयम् ।

सर्वभूतनिवासोडसि अत : वासुदेव स्मृत: ॥ વિષ્ણુ સહસ્ત્રનામ 149

22. ભ. ગી. 17.11

23. ભ. ગી. 10.25

24. वृद्ध पात्रेषु विन्यसेत् । (મનુ..... )

25. अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जना :

दम्भाहडकारसंयुता : कामरागबलान्विना : ।

कर्षयन्त : शरीरस्थं भूतग्रामचेतस : ।

मां चैवान्त : शरीरस्थं तान्विधासुरनिश्र्यान् ॥ (ભ. ગી. 17, 5,6)

26. ભ. ગી. 17/14, 15,16

27. ભ. ગી. 17/24-27